# સ્કેબીઝ

## આ પત્રિકાના લક્ષ્યો શું છે?

આ પત્રિકા તમને સ્કેબીઝ વિશે વધુ સમજણ મળે તે માટે મદદરુપ થવા લખવામાં આવી છે. તે તમને જણાવશે કે તે શું છે, તે શેના કારણે થાય છે, તેના માટે શું કરવું જોઇએ અને કયાંથી તમે તેના વિશે વધુ જાણી શકશો.

## સ્કેબીઝ એટલે શું?

સ્કેબીઝ ત્વચાની એક સામાન્ય અને અતિ ખંજવાળયુક્ત અવસ્થા છે જે માનવ સ્કેબીઝ માઇટ (કુટકી)ને કારણે થાય છે. તે કોઈપણ વયના લોકોને અસર કરી શકે પરંતુ મોટા ભાગે બાળકો અને મોટી ઉંમરના લોકોને થાય છે.

## સ્કેબીઝ શેના કારણે થાય છે?

જેને કારણે સ્કેબીઝ થાય છે તે માઇટ્સ ઝીણા પરજીવીઓ હોય છે, જે ટાંકણીના માથા કરતા પણ નાના હોય છે. તેઓ સામાન્ય રીતે કોઇ એવા વ્યક્તિ જેઓને અગાઉથી સ્કેબીઝ હોય, તેઓના સીધા ત્વચા-થી-ત્વચાના સંપર્ક મારફત લાગી જાય છે, અને કેવળ વિરલપણે જ કપડા અથવા પથારી જેવી વસ્તુઓમાંથી લાગે છે. પાળેલાં પ્રાણીઓ તેમનો ફેલાવો કરતા નથી. સ્કેબીઝ સાથેના લોકોમાં તેઓની ત્વચા પર સરેરાશ આશરે ડઝન (બારનો જુમલો) જેટલા પુખ્ત માઇટ હોય છે, થોડાક ઘણા બધાનું વહન કરે છે. ગંદા રહેવાને કારણે સ્કેબીઝ થતું નથી. જવલ્લે જ, સ્કેબીઝનું ભિન્ન રુપ જેને ક્રસ્ટેડ (પોપડાયુક્ત) સ્કેબીઝ કહેવામાં આવે છે તે દરદીઓ જેઓ ઇમ્યૂનોસપ્રેસ્ડ (નબળી પ્રતિકાર શક્તિ ધરાવતા હોય) હોય અથવા જેઓ વયસ્ક અને માંદા હોય તેઓમાં થઈ શકે. આ ભિન્ન રુપમાં ત્વચા પર હજારો સ્કેબીઝ માઈટ હોય છે અને તે અતિશય ચેપી હોય છે.

4 Fitzroy Square, London W1T 5HQ
Tel: 020 7383 0266 Fax: 020 7388 5263 e-mail: admin@bad.org.uk
Registered Charity No. 258474

**સ્કેબીઝ વારસાગત છે?**

ના, પરંતુ તે સામાન્ય રીતે કુટુંબના અનેક સભ્યોને એક જ સમયે થઈ શકે.

**સ્કેબીઝના લક્ષણો શું છે?**

સ્કેબીઝનું મુખ્ય લક્ષણ ખંજવાળ છે, સામાન્યરીતે માઈટ લાગ્યા પછી આશરે મહિના બાદ ખંજવાળની શરૂઆત થાય છે. ખંજવાળ શરીર અને હાથ તથા પગના અવયવોને અસર કરે છે પરંતુ સામાન્ય રીતે શિશુઓ સિવાય માથા અને ગરદનમાં તે થતું નથી. અનેક વાર સૂતી વખતે ખંજવાળ વધુ ખરાબ થઈ શકે. એક કુટુંબના કેટલાક લોકો, અને તેઓના મિત્રોમાં, એક જ સમયે ખંજવાળ આવે તેવું સામાન્ય રીતે બની શકે.

**સ્કેબીઝ કેવું દેખાય છે?**

સ્કેબીઝના રૅશ (ફોલ્લીઓ) ખંજવાળના નિશાન અને લાલ પોપડી વાળા વિસ્તારોનું મિશ્રણ છે, પછીથી તે ચેપગ્રસ્ત બની શકે અને નાની નાની પરુ વાળી ફોલ્લીઓ થઈ શકે. વ્યાપક રૅશ જે એગ્ઝીમા (ડર્મટાઈટિસ) જેવું દેખાય છે તે બહુ સામાન્ય છે. ખંજવાળયુક્ત રૅશ મોટા ભાગની ત્વચાને આવરી લે છે પરંતુ માઈટ મોટા ભાગે આંગળીઓ વચ્ચેની જગ્યામાં અને હાથની હથેળીઓ, કાંડા, પગની ઘૂંટીઓ અને પગના તળીયા પર જોવા મળે છે. સ્કેબીઝ માઈટ ત્વચામાં દર બનાવી આ વિસ્તારમાં તેઓના ઈંડા મૂકે છે. દરો ત્વચા પર નાની ભૂખરી રેખાઓ રુપે દેખાય છે. પુખ્ત માઈટ ઝીણા હોય છે, આશરે કેવળ ૦.૪ મિમિ લાંબા હોય છે, લેન્સ મારફત દરના અંતે ઝીણા ઘેરા ટપકા રુપે પડેલા દેખાય છે. પોપડાયુક્ત સ્કેબીઝમાં રૅશ સૉરાયસિસનું અનુકરણ કરી શકે અને તેના કારણે તીવ્ર ખંજવાળ ન પણ આવે.

**સ્કેબીઝનું નિદાન કેવી રીતે કરી શકાય?**

તમારા ડૉક્ટર સામાન્ય રીતે ઈતિહાસના આધારે અને રૅશની તપાસ કરીને સ્કેબીઝનું નિદાન કરવા સક્ષમ હશે. માઈટ અને તેઓના ઈંડાઓ માટે દરમાંથી ઘસીને લીધેલ (સ્ક્રેપ કરેલ) ત્વચાને માઈક્રોસ્કોપમાં જોવામાં આવશે.

4 Fitzroy Square, London W1T 5HQ
Tel: 020 7383 0266   Fax: 020 7388 5263   e-mail: admin@bad.org.uk
Registered Charity No. 258474

**શું સ્કેબીઝનો ઉપચાર થઈ શકે?**

જો તેનો ઉપચાર કરવામાં ન આવે તો, સ્કેબીઝ મહિનાઓ અથવા તો વર્ષો સુધી પણ ચાલુ રહેશે; પરંતુ યોગ્ય સારવાર વડે, તે ઝડપથી અને સંપૂર્ણપણે મટી જાય છે. સારવાર દ્વારા માઈટનો નાશ કર્યા પછી પણ સામાન્ય રીતે થોડાક અઠવાડિયા ખંજવાળ આવવાનું ચાલુ રહે છે.

**સ્કેબીઝની સારવાર કેવી રીતે થશે?**

સ્કેબીઝની સારવારમાં નીચે મુજબનો સમાવેશ છે:

1. તમારા પોતાના સ્કેબીઝમાંથી મુક્ત થવું.
2. ખાતરી કરવી કે તમને અને અન્ય સંપર્કોને તેનો ફરીવાર ચેપ લાગતો નથી. આનો અર્થ એમ કે કુટુંબના તમામ સભ્યો અને જાતિય સંપર્કોને ખંજવાળ આવતી હોય કે ન આવતી હોય, તો પણ તેઓની એ જ સમયે સારવાર કરાવવાની રહેશે.

વિવિધ બનાવટો સ્કેબીઝની સારવારમાં અસરકારક છે. U.K.માં મોટા ભાગે આમાંની, પર્મેથ્રિન અને મલાથિઓન વપરાય છે. તે તપાસ કરવી જોઈએ કે જે બનાવટો તમને આપવામાં આવી છે તે સ્કેબીઝમાં વપરાશ કરવા માટે જ ખાસ રચિત હોય, કારણ કે બન્ને એજન્ટો વિવિધ બનાવટોમાં ઉપલબ્ધ હોય છે, જેમાંની કેટલીકનો કેવળ માથાની જૂ કાઢવા માટે ઉપયોગ કરવામાં આવે છે. તમારા ડૉક્ટર જેઓ સગર્ભા છે અથવા સ્તનપાન કરાવે છે તે મહિલાઓ માટે, અથવા બાળકો માટે જુદી જુદી બનાવટોની ભલામણ કરી શકે.

તમારી સારવાર સાથે અપાયેલ સૂચનાઓનું વિગતવાર અનુસરણ કરવું; તેઓ નિમ્નલિખિત સિધ્ધાંતો પર આધારિત હશે:

- માઈટ ત્વચા પર કોઈપણ ઠેકાણે હોઈ શકે, તેથી સારવારને કેવળ ખંજવાળ આવતા ભાગોમાં જ ન લગાડતા, પુખ્ત વયનાઓમાં ગરદનની નીચેના તમામ વિસ્તારોમાં (અને બાળકોમાં સ્કૅલ્પમાં પણ) લગાડવાની આવશ્યકતા રહેશે.
- સાફ કરતા પૂર્વે સારવારને ઓછામાં ઓછા ૧૨ કલાક રહેવા દેવી જોઈએ.
- જ્યારે તમે તમારા હાથ ધોવો ત્યારે, પછીથી ફરીવાર તમારા હાથમાં સારવાર લગાડવી જોઈએ.

- જે પ્રથમ ઍપ્લિકેશન (લગાડ્યા) પછી ઇંડામાંથી બહાર આવ્યા હોય તે માઈટનો નાશ કરવા માટે, એક અઠવાડિયાના આંતરે, બે સારવારો આવશ્યક છે.
- પથારી અને કપડાને એક વખત સામાન્ય રીતે ધોવાથી માઈટ નાબૂદ થઈ શકે.
- સારવાર પૂર્વે સ્નાન કરવાની આવશ્યકતા નથી.

જો સ્કેબીઝ સારવાર પ્રતિકારક હોય અથવા જો તે પોપડાયુકત પ્રકારના હોય તો, ત્યારબાદ ઈવરમેક્ટિન કહેવાતી મોઢા વાટે લેવાની સારવાર પ્રિસ્ક્રાઈબ કરવામાં આવી શકે, સામાન્ય રીતે એક અઠવાડિયાના આંતરે ટીકડીઓના બે ડોઝ લેવાના રહેશે.

છેવટે, જો તમને તમારા જાતિય સાથીદારમાંથી સ્કેબીઝનો ચેપ લાગ્યો હોય તો, તમારા ડૉક્ટર અન્ય રોગો જેનો એ જ સમયે સંસર્ગ થયો હોય તેની હાજરી માટે તપાસ કરી શકે.

**હું શું કરી શકું?**

જો તમે તમને આપવામાં આવેલ સૂચનાઓનું અનુસરણ કરશો તો, તમે સફળતાપૂર્વક તમારા સ્કેબીઝને મટાડી શકશો. તમારે તે પણ ખાતરી કરવી જોઈએ કે તમારા નજીકના તમામ સંપર્કો એ જ સમયે સારવાર લગાડે છે જ્યારે તમે લગાડો છો. કમનસીબે, ફરીવાર સ્કેબીઝનો ચેપ લાગવો, તે ઘણું સામાન્ય છે.

**સ્કેબીઝ વિશે હું ક્યાંથી વધુ માહિતી મેળવી શકીશ?**

*ઈન્ટરનેટ પરથી:*

www.emedicine.com/emerg/topic517.htm
www.aad.org/pamphlets/Scabies.html
www.medinfo.co.uk/conditions/scabies.html

**આ પત્રિકાનું લક્ષ્ય વિષય વિશે ચોક્કસ માહિતી પૂરું પાડવાનું છે અને તે બ્રિટિશ અસોસિએશન ઑફ ડર્મેટોલૉજિસ્ટ્સના પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવેલ અભિપ્રાયોની સર્વસંમતિ છે: તેની વિગતો, જો કે, અવારનવાર તમને તમારા ડૉક્ટર દ્વારા આપવામાં આવતી સલાહથી જુદી હોઈ શકે.**

આ પત્રિકાની (અંગ્રેજીમાં) બ્રિટિશ એસોસિએશન ઑફ્ ડર્મેટોલૉજિસ્ટ્સ' દરદી માહિતી લે રિવ્યુ પૅનલ દ્વારા સુવાચ્યતા માટે આકારણી કરવામાં આવેલ છે

**બ્રિટિશ અસોસિએશન ઑફ્ ડર્મેટોલૉજિસ્ટસની**
**દરદી માહિતી પત્રિકા**
**ઉત્પન્ન કરેલ ઓગસ્ટ 2004**
**અદ્યતન કરેલ મે 2010**

4 Fitzroy Square, London W1T 5HQ
Tel: 020 7383 0266   Fax: 020 7388 5263   e-mail: admin@bad.org.uk
Registered Charity No. 258474